| PUBLICATION NAME : | Divya Bhaskar (City Bhaskar) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 09/03/24 |
| PAGE : | 2 |

# ભારતમાં ટેક ક્રાંતિ આવશે, જેમાં એઆઈ મહત્ત્વનો ભાગ ભજવશે




**ગાંધીનગરઃ** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)માં એન્યુઅલ સ્ટાર્ટઅપ સમિટ અને આંત્રપ્રિન્યોરશિપ ફેસ્ટિવલ એમ્પ્રેસારિયો 2024ની શરૂઆત થઈ છે. આ પ્રસંગે ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના ટેક્નિકલ એજ્યુકેશનના કમિશનર બંછા નિધિ પાણીએ કહ્યું કે, 'ભારતમાં એક મોટી ટેક ક્રાંતિ આવશે છે, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મહત્વનો ભાગ ભજવશે. સરકારનો લક્ષ્ય છે કે યંગસ્ટર્સ ફક્ત નોકરીઓ જ ના શોધે, પરંતુ નોકરીઓની નવી તક ઊભી કરે.'

ઉપરાંત એક બિગ પિચ ઈવેન્ટ પણ યોજાશે, જેમાં 75 સ્ટાર્ટઅપ્સ ફંડ એકત્રિત કરવાના હેતુથી ઈન્વેસ્ટર્સની પેનલને તેમની પ્રોડક્ટ્સ તથા સર્વિસીઝ રજૂ કરશે. EDIIના ડિજી ડૉ. સુનીલ શુક્લાએ જણાવ્યું કે, એઆઈ અને મશીન લર્નિંગમાં ટેક્નોલોજીકલ સુધારા સ્ટાર્ટઅપ્સ અને એમએસએમઈને સશક્ત બનાવી રહ્યા છે.' ફેસ્ટમાં માસ્ટર ક્લાસીસ, સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ દ્વારા ટૉક, વર્કશોપ, અને સ્ટાર્ટઅપ એવોર્ડ્સ યોજાશે.